


જેમ વરસાદની સિઝન જામી છે એમ 'વન ચેતના કેન્દ્ર'માં રોપાં વિતરણની પણ સિઝન જામી છે. રથયાત્રામાં ૧૭ હજાર રોપાંનું વિતરણ કર્યા પછી પણ વન વિભાગે આરામ લીધો નથી અને નર્સરીના માધ્યમથી રોપાંનું વિતરણ ચાલુ જ છે. હજુ તો શનિવાર અને રવિવાર દરમ્યાન નગરમાં વૃક્ષ યાત્રાનું આયોજન છે, જેના દ્વારા પણ મોટા પાયે રોપાંનું વિતરણ કરવામાં આવશે. ગાર્ડનીંગનો શોખ હોય તો સહેલાઈથી વૃક્ષ, છોડ ઉગાડવા માટેની આ શ્રેષ્ઠ સિઝન છે તેથી વન વિભાગ આ કામગીરી પર જોર આપી રહ્યું છે. અને હા, માત્ર એક રૂપિયાના ટોકન દરે એક રોપાનું વિતરણ વન ચેતના કેન્દ્ર ખાતેથી થઈ રહ્યું છે, તેથી આ કામમાં વાર કરવા જેવી નથી. (તસવીર : દિપક જાની)

# કેનેડા જવા વિઝા અપાવવાના બહાને રૂ. ૧.૧૦ લાખની ઠગાઈ

## કવન કન્સલ્ટન્સી નામની ખોટી કંપની બનાવી છાપામાં લોભામણી જાહેરાત આપી છેતરપીંડી આચરી : પોલીસે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી

ગાંધીનગર, તા. ૧૨

કવન કન્સલ્ટન્સી નામે ખોટી કંપની બનાવી કેનેડા જવા માટે વીઝા અપાવવાની લુભામણી જાહેરાત છાપામાં આપી ગાંધીનગર શહેરના એક યુવકે રૂ. ૧.૧૦ લાખની છેતરપીંડી કરી હતી. જેથી છેતરપીંડીનો ભોગ બનનાર યુવકે સેક્ટર-૭ પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી તેની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૪-બી પ્લોટ નં. ૧૩૬૪/૧ ખાતે રહેતા દર્શન વિષ્ણુપ્રસાદ રાવલે આજથી થોડા સમય પહેલા એક દૈનિક સમાચાર પત્રમાં કન્સલ્ટન્સી નામની કંપનીની જાહેરાત આપી હતી. આ જાહેરાતના આધારે કેનેડા જવા માટેના વીઝા અપાવવાનું જણાવી ફરિયાદી હર્ષદ સુભાષભાઈ આરકેટ (રહે. બાપાલાલ કડીયાની ચાલી સરકારી દવાખાના પાછળ દરિયાપુર અમદાવાદ) પાસેથી રૂ. ૧.૧૦ લાખ ઉઘરાવ્યા હતા. દરમિયાન થોડા સમય બાદ ફરિયાદી હર્ષદ અવાર-નવાર વીઝા અંગે પુછપરછ કરતા દર્શન રાવલે ગલ્લાતલ્લા બતાવવાનું શરૂ કર્યુ હતું. અને ફોન પર પણ જવાબ આપવાનું ટાળ્યુ હતુ. આથી ફરિયાદીને છેતરપીંડીની ગંધ આવતા આપેલ નાણા પરત ન આપતા અને વિશ્વાસઘાત વગેરે કર્યો હોવાનું જાણવા મળતા તેમણે ગાંધીનગર સેક્ટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપીંડી આચરનાર ગાંધીનગરના દર્શન રાવલ વિરૂદ્ધ રૂ. ૧.૧૦ લાખ છેતરપીંડીનો ગુનો નોંધી તેની અટકાયત કરી હતી. વધુમાં પી.એસ.આઈ. એ.કે. ભરવાર તપાસ ચલાવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ખોટી વીઝા કંપનીના નામે છેતરપીંડી કરનાર યુવક દર્શન રાવલે ભૂતકાળમાં કેટલાક લોકોને ચૂનો લગાવ્યો છે. અને હાલ વર્તમાન સમયે કેટલા લોકોને ચૂનો લગાવી રૂપિયા પડાવ્યા છે. વધુ કેટલી છેતરપીંડી થયાની ફરિયાદ બહાર નિકળશે તે જોવાનું રહ્યું.

## ચાતુર્માસ મંગલ પ્રવેશ

ગાંધીનગર, તા. ૧૨

શ્રી સ્થાનકવાસી જૈન સંઘ, સેક્ટર-૨૨, ગાંધીનગરમાં ગોપાલ સંપ્રદાયના બા.બ્ર.પ.પૂ. ચંદ્રિકાબાઈ મહાસતીજી આદિઠાણા-૨ તા. ૧૫મી જુલાઈએ ગીરીશભાઈ ઝાટકિયાના નિવાસસ્થાનેથી સવારે ૯.૧૫ કલાકે પ્રસ્થાન કરી ૯.૪૫ કલાકે સેક્ટર-૨૨ જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ અર્થે મંગલ પ્રવેશ કરશે. પ્રવેશ બાદ સન્માન સમારોહ, પ્રભાવના યોજાશે.



પાક રમઝાન માસના પ્રથમ શુક્રવારે મુસ્લિમ બિરાદરોએ ભાવપૂર્વક રોઝા રાખ્યા બાદ ઈફ્તારી કરી હતી.

## ધી સચિવાલય સહકારી ઉપાહાર ગૃહના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૧૨

ધી સચિવાલય સહકારી ઉપાહાર ગૃહ લિ.ના સને ૨૦૧૩-૧૪ના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં પ્રમુખ તરીકે શ્રી ચંદ્રેશ એ. પટેલ, ઉપપ્રમુખ તરીકે શ્રી પ્રદ્યુમનસિંહ કે. વાઘેલા, મહામંત્રી તરીકે શ્રી મૌલિક બી. પટેલ, સહ મંત્રી તરીકે શ્રી નાંદુભાઈ કે. પટેલ અનો આંતરીક આડીટર તરીકે શ્રી દિનેશ ચૌહાણની નિમણુંક કરવામાં આવી છે.

## ગાયત્રી પરિવાર રથયાત્રામાં જોડાયો

ગાંધીનગર, તા. ૧૨

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ગાંધીનગરે તાજેતરમાં ગાયત્રીમાતા અને ગાયત્રી પરિવારના સ્થાપક પૂજ્ય શ્રી રામશર્મા આચાર્યજીની તથા વંદનીય માતાજીના રથને શણગારી પંચદેવ મંદિરેથી રથયાત્રામાં જોડાયા હતા. પરિવારે સેક્ટરોમાં સ્વાગત પણ કરવામાં આવ્યું હતું.

ગાયત્રી પરિવારે ગાંધીનગરે રથયાત્રામાં જોડાઈને ભગવાન જગન્નાથની યાત્રામાં સહર્ષ ભાગ લીધો હતો. વિશ્વ કલ્યાણ અર્થે ગાયત્રી યજ્ઞ પણ યાત્રા દરમિયાન સંપન્ન થયો હતો. મોકયજ્ઞામાં ગાયત્રી પરિવારના યુવાનો, બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# શિષ્યવૃત્તિ મેળવવા આધારકાર્ડ ફરજિયાત નથી : બેંક ખાતુ અનિવાર્ય

ગાંધીનગર, તા. ૧૨

વિદ્યાર્થીઓને અપાતી શિષ્યવૃત્તિની રકમ બેંક ખાતામાં જમા કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ત્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતા માટે પણ કોઈ એક પુરાવાની જ જરૂરિયાત હોવાથી આધારકાર્ડ ફરજિયાત ન હોવાનું અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામકે જણાવ્યું છે.

અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગના નિયામકે આ અંગે જણાવ્યાનુસાર સરકાર દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવતી શિષ્યવૃત્તિ રોકડમાં ચુકવવાના બદલે તેમના બેંકમાં ખાતામાં જમા કરાવવા નિર્ણય લેવાયો છે. જયારે આ નિર્ણયના અમલ માટે બેંકમાં વિદ્યાર્થીના નામનુ ખાતુ હોવુ જરૂરી છે. જે અન્વયે શિષ્યવૃત્તિની ચુકવણી કરતા તમામ અધિકારીઓ દ્વારા બધા જ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીયકૃત બેંકોમાં ખાતા ખોલાવવાની સૂચના આપવામાં આવી છે. જે અન્વયે કોઈપણ એક જ પુરાવાના આધારે બેંકમાં ખાતુ ખોલાવવામાં આવે છે. જયારે શિષ્યવૃત્તિની રકમ બેંકમાં જમા થાય છે. હાલના તબક્કે શિષ્યવૃત્તિની રકમ માટે આધારકાર્ડ ફરજિયાત ન હોવાનુ પણ તેમણે જણાવ્યું છે.



ગાંધીનગર શહેરમાં હરિયાળી ખીલી છે, જેનો લાભ રખડતા પશુઓને મળી રહ્યો છે. શુક્રવારે તો એક રેડિયો ચેનલ પરથી એવી વાત વહેતી થઈ હતી કે અમદાવાદના પશુઓની સરખામણીએ ગાંધીનગરના પશુઓ વધારે નસીબદાર છે કારણ કે અમદાવાદમાં પશુઓને ખાવા માટે લીલું ઘાસ ક્યાંય દેખાતું નથી અને ગાંધીનગરમાં પશુઓ માટે ઘાસ ખૂટે એમ નથી. (તસવીર : દિપક જાની)

# આર્મ્સ એક્ટના ગુનાનો ફરાર આરોપી ઝડપાયો

## ચાર વર્ષ પહેલા સોનાની હેરાફેરી કરતા ત્રણ પૈકીના બે પોલીસના હાથે ઝડપાયા હતા

ગાંધીનગર, તા. ૧૨

આર્મ્સ એક્ટના ગુનામાં છેલ્લા ચાર વર્ષથી ફરાર ગોધરાના વોન્ટેડ આરોપીને ખાનગી બાતમીના આધારે સેક્ટર-૭ પોલીસના પી.એસ.આઈ.ની ટીમે ગાંધીનગર પથિકાશ્રમ એસ.ટી. ડેપો ખાતેથી ઝડપી પાડ્યો હતો. અને તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો દ્વારા મળેલી બાતમીના આધારે વર્ષ ૨૦૦૯માં ૩ શખ્સો જાલોદથી ગાંધીનગર બે દેશી તમંચા સાથે સોનાના બિસ્કીટની હેરાફેરી માટે આવ્યા હતા. અને દરમિયાન પોલીસને જાણ થતા પોલીસે પથિકાશ્રમ વોચ ગોઠવી ૩ શખ્સો પૈકી બે શખ્સોને તમંચા સાથે પકડી પાડ્યા હતા અને જયારે એક આરોપી રૂપેશ પ્રવિણ કોળી (રહે. દાહોદ) પોલીસને થાપ આપી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. ગાંધીનગર સેક્ટર-૭ પોલીસે આ મામલે ત્રણેય વિરૂદ્ધ આર્મ્સ એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. છેલ્લા ચાર વર્ષથી આર્મ્સ એક્ટના ગુનામા નાસતો ફરતો આરોપી આજે ગાંધીનગર આવી રહ્યો હોવાની બાતમી સેક્ટર-૭ પોલીસના પી.એસ.આઈ.ને મળતા તેમણે ટીમ સાથે વોચ ગોઠવી હતી. આજ અરસામાં બાતમીવાળા વર્ણન વાળો શખ્સ પોલીસને નજર પડતા પોલીસે આજે વોન્ટેડ આરોપી રૂપેશને ઝડપી પાડ્યો હતો. અને તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# કુડાસણ, પોર અને ભાઈજીપુરાના એપ્રોચ રોડના નવીનીકરણની મંજૂરીથી ગ્રામજનો ખુશ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના કુડાસણ ગામ, પોર ગામ અને ભાઈજીપુરા ગામના મુખ્ય માર્ગોના સુધારાને રાજ્ય સરકારે મંજૂરી આપી કુડાસણ એપ્રોચ રોડ, પોર-કુડાસણ રોડ અને ભાઈજીપુરા એપ્રોચ રોડનું નવીનીકરણ કાર્ય મંજૂર કરતા ગ્રામજનોએ આભાર સાથે આનંદની લાગણી વ્યક્ત કરી છે.

ગાંધીનગર તાલુકા પંચાયતના સભ્ય રાજેન્દ્રભાઈ પટેલ તથા યુવા મોરચાના આગેવાન નિતેષભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આગામી વિકાસ યોજનાના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા કુડાસણ, પોર તથા ભાઈજીપુરાના મુખ્ય માર્ગોના નવીન કાર્યો મંજુર થયેલ છે. જેમાં કુડાસણ એપ્રોચ રોડ, પોર-કુડાસણ રોડ તથા ભાઈજીપુરા એપ્રોચ રોડના નવીનીકરણ કાર્ય મંજુર થયેલ છે. એ બદલ કુડાસણ ગામના સમસ્ત ગ્રામજનોએ માર્ગ-મકાન મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, સાંસદ હરિનભાઈ પાઠક તથા ધારાસભ્ય શંભુજી ઠાકોરનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો.

# ભારે વરસાદથી પાટનગરની જમીન પાણીમાં ફેરવાઈ

ગાંધીનગર, તા. ૧૨

આજે મોડી સાંજે પડેલા ભારે વરસાદને કારણે ગાંધીનગર શહેરની જમીન પાણીમાં ફેરવાઈ ગઈ હતી, જેના કારણે અનેક વાહનચાલકોને તકલીફોનો સામનો કરવો પડ્યો હતો.

ભારે વરસાદના કારણે ખાસ કરીને શહેરના ૩ નંબરના રોડ ઉપર ચ-૩થી લઈને વાવોલ સુધી ભારે પાણી ભરાઈ ચૂક્યું હતું, જેના કારણે વાવોલ તરફથી પથિકાશ્રમ તરફ આવતાં અનેક દ્વિચક્રી વાહનો બંધ થઈ ગયાં હતાં અને ચાલકોને પોતાનાં વાહનો પાણીમાં દોરવા પડ્યાં હતાં.

એ જ રીતે શહેરમાં જમીન બેસી જવાના અને અનેક સ્થળોએ વૃક્ષો નમી પડવાના અને પડી જવાના કિસ્સાઓ પણ જાણવામાં આવ્યા છે, જેની વિગતો એકત્ર કરવામાં આવી રહી છે.

# વરસાદમાં લેન્ડલાઈન ફોનમાં ફોલ્ટ થતો હોવાની ફરિયાદો

## રોજ ૪૦ જેટલા ફોન ઈન્સ્ટ્રુમેન્ટ રીપ્લેસ થાય છે

ગાંધીનગર, તા.૧૨

વરસાદી દિવસો દરમિયાન શહેરમાં ટેલીફોન લાઈનના જોડાણમાં વારંવાર ક્ષતિઓ ઉદભવે છે જયારે ભેજના લીધે લેન્ડલાઈન ફોનના ઈન્સ્ટ્રુમેન્માં ફોલ્ટ થતો હોવાની વ્યાપક ફરિયાદો ઉદભવી છે. સે-૧૭ સ્થિત ટેલીફોનની ડીવીઝનલ કચેરીમાં રોજ અંદાજિત ૪૦ જેટલા ફોન ઈન્સ્ટ્રુમેન્ટ રીપ્લેસ થાય છે.

ચોમાસાની શરૂઆતથી જ શહેરમાં ઉદભવતી વરસાદી સમસ્યાઓમાં ડૂલ થતી સ્ટ્રીટલાઈટોની સાથે મુંગા થઈ જતા લેન્ડલાઈન ફોનની ફરિયાદો વિશેષ ઉદભવે છે.

બી.એસ.એન.એલ. ના હજારો ફોન જોડાણકર્તાઓ પૈકી ઘણા ખરા ગ્રાહકોમાં ચોમાસામાં ફોન ડેડ થઈ જવા ઉપરાંત ઈન્સ્ટ્રુમેન્ટમાં ખામી સર્જાવાની ફરિયાદો ઉઠવા પામે છે. જયારે લાઈનમાં ડીસ્ટબર્ન્સ થતું હોવાના લીધે પણ ટેલીફોન સેવા ખોરવાઈ જતી હોય છે. શહેરમાં ચોમાસા દરમિયાન ભેજવાળા વાતાવરણમાં ટેલીફોનના ઈન્સ્ટ્રુમેન્ટમાં ફોલ્ટ વધુ થતા હોવાનું ધ્યાને આવ્યું છે. વિભાગ દ્વારા ગ્રાહકોને અપાયેલા જૂના ઈન્સ્ટ્રુમેન્ટમાં આમ પણ વારંવાર ક્ષતિ ઉદભવે છે જેના પરીણામે ટેલીફોન સેવા ખોરવાઈ જાય છે.

સે-૧૭ સ્થિત વિભાગની ડીવીઝન કચેરી પાસે ફોલ્ટ સર્જાયેલા ટેલીફોન એકસચેન્જ કરી દેવાય છે. રોજબરોજ ૪૦ જેટલા ફોન ગ્રાહકોએ ઈન્સ્ટ્રુમેન્ટ રીપ્લેસ કરવા માટે આવવું પડે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૯
સૂર્યાસ્ત : ૭.૧૮

## તાપમાન

મહત્તમ : ૩૦.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૯૨ ટકા
વરસાદ ૫.૫ મીમી

## મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
પૅસિફિક રીમ૩-ડી(હિન્દી) : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૧૦.૩૦
ભાગ મિલ્ખા ભાગ : ૭.૦૦
: સ્ક્રીન-૨ :
લૂટેરા : ૧૦.૧૫, ૪.૦૦
પોલીસગીરી : ૧.૦૦
રાંઝણા: ૬.૪૫
: સ્ક્રીન-૩ :
ભાગ મિલ્ખા ભાગ :૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
ભાગ મિલ્ખા ભાગ : ૯.૩૦, ૧.૦૦, ૪.૩૦, ૮.૦૦

**સૂર્યા, વાવોલ**

પોલીસગીરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ભાગ મિલ્ખા ભાગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
ભાગ મિલ્ખા ભાગ : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦,૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
પોલીસગીરી: ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
લૂંટેરા : ૧૦.૦૦, ૧૦.૦૦, ૭.૩૦, ૧૦.૧૫
ભાગ મિલ્ખા ભાગ : ૪.૦૦

**ચિરાગ, કલોલ**

પોલીસગીરી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. મનોકૂળ કાર્ય થવાનો યોગ. સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા મેળવી શકાય. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**વૃષભ** : ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ. કૌટુંબિક વાતાવરણ સુમેળભર્યુ બની રહે. જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. સમય શુભ.

**મિથુન** : ભવન નિર્માણ સંબંધઈ કાર્યો થશે. વાહન -જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી રહે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થશે. માનસિક ચિંતા હળવી બનતી જણાય. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે.

**સિંહ** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશે. સંતાનની પ્રગતિ થશે. વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. ભાગ્યોદયનો સાથ મળી રહે.

**કન્યા** : સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધન લાભ થઈ શકે છે. અકંદરે સમય સાનુકૂળ રહે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સક્રિય ભાગીદારી રહેશે. નાણાકીય સ્થિતિ મજબૂત બનતી જણાય. માનસિક ચિંતા હળવી બનતી જણાય. વાહન -જમીનનાં પ્રશ્નોનું નિરાકણ થઈ શકે છે.

**વૃશ્ચિક** : સાથી પ્રત્યે નિકટતા અને ભાવુકતા રાખવી. સ્થાયી સંપત્તિની આકાક્ષા પૂર્ણ થવાના યોગ. સંતાન સંબંધી પ્રશ્નોનનો ઉકેલ આવી શકે છે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે.

**ધન** : અટકેલા નાણાં પ્રાપ્ત થશે. ભૂમિક, મકાન વગેરે ખરીદનો યોગ. સ્નેહી- મિત્રજનો સાથે યાત્રા -પ્રવાસનું આયોજન થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. દિવસ આનંદમય રીતે પસાર થાય.

**મકર** : નવી યોજનાઓ પ્રારંભ થશે. પોતાના પ્રયત્નોથી જ લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે.

**કુંભ** : સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો. રાજકીય ક્ષેત્રે પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં સમય પ્રગતિદાયક બની રહે.

**મીન** : શુભ સંદેશ તમને નવી દિશા આપશે. આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. વિદેશથી શુભ સમાચાર મળી શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. કિષ્નાબેન મહેન્દ્રસિંહ બિહોલા(ઉ.વ.૩૫) દરબાર વાસ, મુ.પો. મગોડી, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. લલિતભાઈ આત્મારામ નાયી(ઉ.વ.૩૫) મુ.પો. માણેકપુર, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ.અમૃતભાઈ નાથાભાઈ પટેલ(ઉ.વ.૬૨) મુ.પો. આલમપુર, તા., જિ. ગાંધીનગર.
- સ્વ.કચરાજી હાલાજી ઠાકોર(ઉ.વ.૬૫) મુ.પો. હાલીસા, તા. દહેગામ, જિ. ગાંધીનગર.
- સ્વ.ભક્તિજી નાથાજી ઠાકોર(ઉ.વ.૬૦) મુ.પો. મુબારકપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ.જયાબેન ધર્મેન્દ્રભાઈ પંડિત(ઉ.વ.૯૪) પ્લોટ નં.૬૬૨/૨, સેકટર-૫/એ, ગાંધીનગર.
- સ્વ.કંકુબેન અમરાજી વણઝારા(ઉ.વ.૫૦) મુ.પો. રાંધેજા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ.દિપ્તીબેન ગજેન્દ્રસિંહ રાઓલ(ઉ.વ.૨૦) મુ.પો. પેથાપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ.જયાબેન નાનકદાસ સાધુ(ઉ.વ.૭૪) પ્લોટ નં. ૨૦૫, સહકાર કોલોની, સકેટર-૨૫, ગાંધીનગર.
- સ્વ.ભલાજી છનાજી ઠાકોર(ઉ.વ.૬૫) મુ.પો. ફતેહપુરા (પેથાપુર), તા.,જિ. ગાંધીનગર.
- સ્વ.અંબાલાલ શકરાજી દંતાણી(ઉ.વ.૬૦) મુ.પો. હાલીસા, તા. દહેગામ,જિ. ગાંધીનગર.
- સ્વ.ભરતભાઈ ગોવિંદભાઈ સોલંકી(ઉ.વ.૪૦) પ્લોટ નં. ૫૩૦/૧, સેકટર-૭/બી, ગાંધીનગર.